ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬

# ઈથેનોલની મહત્ત્વાકાંક્ષા અને ચૂંટણીનું ગણિત:
# ખાંડની કડવાશની જવાબદારી કોની?

ગળપણ મોંઘું થયું છે. ગયા અઠવાડિયે મહારાષ્ટ્રમાં ખાંડનો ભાવ કિલોદીઠ રૂ. 60 સુધી પહોંચી ગયો હતો. ખાંડના ભાવની આ અત્યાર સુધીની સૌથી ઊંચી સપાટી છે છાપાળવી ભાષામાં કહીએ તો વિક્રમજનક ભાવવધારો. જુલાઈની શરૂઆતથી ખાંડના ભાવમાં લગભગ 60 ટકાનો ઉછાળો આવ્યો છે. હજી દિવાળીને વાર છે. નેપાળનાં પૂરને કારણે ખાંડના સમાચાર પહેલા પાનેથી ખસી ગયા છે ખરા, પરંતુ ખાંડનો ભાવ લગભગ 20 ટકા ઘટીને રૂ. 62થી રૂ. 56 પ્રતિ કિલો સુધી આવ્યો છે. જોકે, ઉછાળા પછી ભાવ થોડા નરમ પડે એ સામાન્ય રીતે આ ચક્રનો જ એક ભાગ હોય છે. એનાથી ભાવવધારા પાછળનાં મૂળ કારણોમાં કોઈ ફેર પડતો નથી.

વિશ્વમાં સૌથી વધુ ખાંડનું ઉત્પાદન કરતા દેશોમાં સ્થાન ધરાવતા અને છેલ્લા એક દાયકાથી ખાંડના મામલે આત્મનિર્ભર હોવાનો દાવો કરતા ભારતમાં ખાંડના ભાવ આ સ્તરે પહોંચે એ કોઈ કાળે ન થવું જોઈએ. છતાં હકીકત આપણી સામે છે. વિશ્વમાં ખાંડના બીજા ક્રમના સૌથી મોટા ઉત્પાદક દેશ એવા ભારતે નવ વર્ષમાં પહેલી વાર ખાંડની આયાત શરૂ કરી છે. જોકે, આ કાચી ખાંડ છે; તમારા ઘરના રસોડામાં પહોંચતી તૈયાર ખાંડ નથી. આ કાચી ખાંડ એવી સુગર મિલોને વેચવામાં આવે છે, જે તેને પ્રોસેસ કરીને સ્થાનિક બજારમાં વેચવા માટે કાનૂની રીતે બંધાયેલી છે. ક્યારેય કોઈ બીજા દેશના શેરડીના પાકની જરૂર નહીં પડે તેવા દાવા પર પોતાની ઈથેનોલની ગાથા રચી હતી તેવા ભારતને હવે બ્રાઝિલની કાચી ખાંડની જરૂર પડી રહી છે.

સરકારે કંઈક અંશે નારાજગી સાથે સ્પષ્ટતા કરી છે કે આ ભાવવધારા સાથે ઈથેનોલને કોઈ લેવાદેવા નથી. કન્ઝ્યુમર અફેર્સ મંત્રાલયે ઈથેનોલ બ્લેન્ડિંગ માટે ખાંડના ડાયવર્ઝન અને ખાંડના ભાવવધારા વચ્ચેના કોઈપણ સંબંધને નકારી કાઢતું નિવેદન બહાર પાડ્યું હતું. તેમાં પોતાના જ આંકડાઓનો હવાલો આપવામાં આવ્યો હતો. ઈથેનોલ માટે ઉપયોગમાં લેવાતી ખાંડનો હિસ્સો ખરેખર ઘટ્યો છે. 2022-23માં કુલ ખાંડના ઉત્પાદનમાંથી આશરે 12 ટકા ખાંડ ઈથેનોલ માટે વપરાઈ હતી, જ્યારે આ સિઝનમાં આ હિસ્સો ઘટીને 9 ટકા થયો છે. ઈંધણના ક્ષેત્રમાં સામે આવતો આંકડો પણ આ જ હકીકત તરફ ઈશારો કરે છે. ઓઈલ કંપનીઓને સપ્લાય કરવામાં આવતા ઈથેનોલમાં શેરડી આધારિત ઈથેનોલનો હિસ્સો હવે માંડ ત્રીજા ભાગ જેટલો છે, જ્યારે બાકીનો મોટાભાગનો હિસ્સો અનાજ, ખાસ કરીને મકાઈમાંથી બને છે. મંત્રાલયના મતે ખાંડનું ઓછું ઉત્પાદન, તહેવારો દરમિયાન વધેલી માગ અને સંગ્રહખોરીએ ભાવવધારો સર્જ્યો છે. એટલે ઈથેનોલ બ્લેન્ડિંગ કાર્યક્રમને ખાંડના વર્તમાન ભાવવધારા સાથે સીધો સંબંધ નથી એવું સરકારનું કહેવું છે. વળી, આ વર્ષે ઈથેનોલનું ઉત્પાદન પણ મુખ્યત્વે શેરડી પર આધારિત રહ્યું નથી. તકનીકી રીતે જોઈએ તો સરકારની વાત ખોટી નથી. પરંતુ જે રીતે એને બચાવ તરીકે રજૂ કરવામાં આવી રહી છે, એટલી સીધી વાત પણ નથી. આ વર્ષે ઈથેનોલ કાર્યક્રમને શેરડી પર સતત આધાર રાખવાની જરૂર ભલે ન પડી હોય, પરંતુ આ નીતિએ દેશમાં 'પૂરતી ખાંડ'નો અર્થ શું થાય એની વ્યાખ્યા છેલ્લાં દસ વર્ષમાં બદલી નાખી છે.



ક્યારેય કોઈ બીજા દેશના શેરડીના પાકની જરૂર નહીં પડે તેવા દાવા પર પોતાની ઇથેનોલની ગાથા રચી હતી તેવા ભારતને હવે બ્રાઝિલની કાચી ખાંડની જરૂર પડી રહી છે

**બહુશ્રુત**
**ચિરંતના ભટ્ટ**

ઈંધણની ટાંકી ભરવા માટે શેરડી, અનાજ કે પછી એ સિઝનમાં જે ઉપલબ્ધ હોય તે મળી જ રહેશે–આ વચનના આધારે દસ વર્ષ સુધી નીતિ ઘડ્યા પછી નબળા ચોમાસાને કારણે ખાંડના ડબ્બામાં અપેક્ષા કરતાં ઓછો જથ્થો બચે ત્યારે સરકાર આશ્ચર્ય પામી શકે નહીં. આ વર્ષે એક પણ તહેવારની મીઠાઈ બને એ પહેલાં જ આશરે 34 લાખ ટન ખાંડનું ઉત્પાદન ડાયવર્ટ થઈ ચૂક્યું છે. એ પણ એવા પાકમાંથી, જે ગયા ઑક્ટોબરના અંદાજ કરતાં પહેલેથી જ લગભગ 30 લાખ ટન ઓછો છે. ખરેખર તો ઈથેનોલની ભૂખ માત્ર શેરડીમાંથી અનાજ તરફ અને મહારાષ્ટ્રની સુગર મિલોમાંથી મકાઈના પટ્ટા તરફ વળી છે. સાથે જ એવી અપેક્ષા રાખવામાં આવી કે આ લેવડદેવડ ક્યાંય ગઈ નથી એ તરફ કોઈનું ધ્યાન ન જાય. બદલાયું છે તો માત્ર એટલું જ કે હવે આ કિંમત કયો પાક ચૂકવે છે. 2025માં આપણને કહેવામાં આવ્યું હતું કે નિર્ધારિત સમય કરતાં એક વર્ષ વહેલો 20 ટકા ઈથેનોલ બ્લેન્ડિંગનો લક્ષ્યાંક હાંસલ કરવો એ ઊર્જા સુરક્ષા અને વિદેશી હૂંડિયામણની બચતના મોરચે મોટી સફળતા છે. ત્યારે કોઈએ એ નહોતું કહ્યું કે ઈંધણમાં આત્મનિર્ભરતાનો હિસાબ સરભર કરવા માટે એક દિવસ ખાંડના ડબ્બામાંથી ઉધાર લેવું પડે તેમ બની શકે છે.

આ સિઝનના અંતે બચેલો ખાંડનો જથ્થો, એટલે કે ક્લોઝિંગ સ્ટોક, લગભગ એક દાયકાના સૌથી નીચા સ્તરે પહોંચે એવી શક્યતા છે. અત્યારે ભારત બ્રાઝિલ પાસેથી ખાંડની આયાત કરી રહ્યું છે. આ નિર્ણયની પૃષ્ઠભૂમિમાં ઉત્તર પ્રદેશ અને પંજાબની ચૂંટણીઓ પણ છે. 2027ના પહેલા ત્રણ મહિનામાં બન્ને રાજ્યોમાં ચૂંટણી યોજાવાની છે અને બન્ને દેશના સૌથી મોટા શેરડી ઉત્પાદક વિસ્તારોમાં સામેલ છે. એટલે ઈથેનોલનું ગણિત માત્ર ઈંધણ નીતિના આધારે નક્કી થવાનું નથી.

20 ઑગસ્ટે સરકારે 10 લાખ ટન કાચી ખાંડની શૂન્ય આયાત જકાત સાથે આયાત કરવા માટે ટેરિફ-રેટ ક્વોટા ખોલ્યો. સામાન્ય રીતે ખાંડ પર 100 ટકા આયાત જકાત લાગુ પડે છે. જે મિલો 15 ઑક્ટોબર સુધીમાં આયાતી ખાંડનો જથ્થો ભારતમાં પહોંચાડવાની ખાતરી આપે તેમને 31 ઑક્ટોબરની અંતિમ સમયમર્યાદાની નજીક જથ્થો પહોંચાડનારી મિલો કરતાં પ્રાથમિકતા આપવામાં આવશે. ભારતને પરંપરાગત રીતે ખાંડ પૂરી પાડતો બીજો દેશ થાઈલૅન્ડ પોતાના જ ઉત્પાદનની અછતનો સામનો કરી રહ્યો છે. એટલે આ મુદ્દે ચર્ચા શરૂ થાય એ પહેલાં જ થાઈલૅન્ડનો વિકલ્પ બાકાત થઈ ગયો હતો. કાગળ પર બીજા દેશોના વિકલ્પો ઉપલબ્ધ છે, પરંતુ આટલા ઓછા સમયમાં જરૂરી જથ્થો પૂરો પાડવાની ક્ષમતા એ દેશોમાંથી કોઈની પાસે નથી. બ્રાઝિલ કોઈ વૈકલ્પિક યોજના નથી; અત્યારે એ જ એકમાત્ર યોજના છે.

આ સમગ્ર સ્થિતિનો વિરોધાભાસ શિપિંગ શેડ્યૂલમાં શાંતિથી છુપાયેલો છે. બ્રાઝિલનાં બંદરોથી ભારતના કિનારા સુધી માલવાહક જહાજને પહોંચતાં 40થી 45 દિવસ લાગે છે. એટલે આ અઠવાડિયે જે ખાંડ માટે સોદા થશે એ ભારતમાં પહોંચીને કસ્ટમ્સમાંથી બહાર આવે ત્યાં સુધીમાં જકાતમુક્ત આયાતની સમયમર્યાદા લગભગ પૂરી થઈ ચૂકી હશે અને 100 ટકા આયાત જકાત ફરી લાગુ થઈ જશે. ટૂંકમાં, ત્યાં સુધીમાં ભારત જેટલી ખાંડની આયાત સુનિશ્ચિત નહીં કરી શકે, તેના માટે પૂરી કિંમત ચૂકવવી પડશે. આ જકાતની દીવાલ ભારતે પોતે જ ઊભી કરી હતી; હવે એ જ દીવાલ દેશની પોતાની અછત પર કર વસૂલશે. આમાંનું કશું પણ રાજકીય શૂન્યાવકાશમાં કે કોઈ સામાન્ય વર્ષમાં નથી બની રહ્યું. ઉત્તરપ્રદેશ કે પંજાબમાં શેરડીના ભાવનો મુદ્દો ક્યારેય માત્ર ખેતી પૂરતો સીમિત રહ્યો નથી. વાજબી અને લાભદાયી ભાવ એટલે કે ફેર ઍન્ડ રેમ્યુનરેટિવ પ્રાઈસ (FRP)ના માધ્યમથી છૂટક સ્તરે રમાતું આ રાજકારણ છે.

દરેક શેરડીની સિઝન પહેલાં નાટકીય સમય પસંદ કરીને તેની જાહેરાત કરવામાં આવે છે. એનો સંબંધ આર્થિક ગણતરી કરતાં એ ચોક્કસ પ્રકારના ખેડૂતને સાધવા સાથે વધુ છે, જેને ગયા વર્ષે પોતાની શેરડીના કેટલા રૂપિયા મળ્યા હતા એ બરાબર યાદ છે.

ફેબ્રુઆરીની ચૂંટણી પહેલાં સરકારે શેરડીના ખેડૂતોને ખુશ પણ રાખવાના છે અને ખાંડના ભાવ ઘટાડવા માટે ખેડૂતોને મળતા ભાવ પર દબાણ કરી રહી હોય એવું દેખાવા પણ દેવાનું નથી. સરકારે એક જ સમયે બન્ને કામ કરવાનાં છે.

...અનુસંધાન પાના નં. 7 પર

## બાય ધી વે

**બાય ધી વે:**

સરકાર સતત કહે છે કે ઇથેનોલ કાર્યક્રમને ખાંડની અછત સાથે કોઈ સંબંધ નથી. શક્ય છે કે સરકાર આ બાબતમાં સાચું કહી રહી હોય. પરંતુ દિવાળી જેવા દેશના સૌથી મોટા તહેવાર માટે ભારતે બ્રાઝિલથી ખાંડ મંગાવવી પડે એ સ્થિતિ જ ઘણું કહી જાય છે. માટે જ, સવાલ માત્ર એટલો નથી કે ઇથેનોલ કાર્યક્રમ અને ખાંડની અછત વચ્ચે કોઈ સંબંધ છે કે નહીં. વધુ અગત્યનો સવાલ એ છે કે યોગ્ય આયોજન થયું હોત તો આ બન્ને બાબતો એકબીજા સાથે જોડાય એવી સ્થિતિ ઊભી જ ન થઈ હોત. છતાં સત્તામાં બેઠેલા લોકોને એની ચિંતા કેમ નથી?

# રાહુલ ગાંધીનું મનુસ્મૃતિ વિમર્શ

'છાત્રોં કી ગૂંજ'ના પૂનાના કાર્યક્રમમાં રાહુલ ગાંધીએ મનુસ્મૃતિનો ઉલ્લેખ કરીને ટીકા કરી. તેમણે કહ્યું કે મનુસ્મૃતિના આદેશો હિન્દુઓનાં એક વર્ગને કાયમ માટે હાંસિયામાં રાખવાનું અને હાંસિયામાંથી બહાર નહીં નીકળવા દેવાનું કામ કરે છે કે જેથી સવર્ણ હિન્દુઓની સર્વોપરિતા જળવાઈ રહે. જેને હાંસિયામાં રાખી છે એવી હિન્દુ પ્રજામાં સ્ત્રીઓ, દલિતો, શુદ્રો, આદિવાસીઓ વગેરેનો સમાવેશ થાય છે.

આ બહુ મોટી ઘટના છે. બહુજન સમાજ પક્ષ અને બીજા કેટલાક દલિત અને દ્રવિડ પક્ષોને છોડીને બીજા રાજકીય પક્ષોના નેતાઓ મનુસ્મૃતિનો ઉલ્લેખ કરતા ડરતા હતા. છેલ્લાં કેટલાંક વર્ષોથી માયાવતીએ પણ મનુસ્મૃતિ અને બ્રાહ્મણોનાં વર્ચસ વિષે બોલવાનું બંધ કરી દીધું છે. ખાસ કરીને ૧૯૯૦ પછીથી ભારતીય જનતા પક્ષની તાકાત વધવા માંડી ત્યારે સેક્યુલર રાજકીય પક્ષોના નેતાઓને એમ લાગવા માંડ્યું કે સરેરાશ મધ્યમવર્ગીય હિન્દુઓ એકંદરે માનવતાવાદી હોવા છતાંય ધાર્મિક છે. હિન્દુઓનાં શાત્રવચનોની ટીકા કરીને હિન્દુઓની ધાર્મિક લાગણી દુભાવવાની આપણે ભૂલ કરી તેનો લાભ હિન્દુત્વવાદીઓને મળી રહ્યો છે. બીજી બાજુ આપણે ઈસ્લામ ધર્મની ચિકિત્સા નથી કરતા એટલે પણ સરેરાશ હિન્દુઓ નારાજ છે.

આમ માત્ર રાજકીય પક્ષોના નેતાઓ માનતા થયા હતા અને હિન્દુઓ અને હિન્દુ ધર્મ વિષે બોલતા બંધ થયા હતા એવું નથી, સામાજિક-રાજકીય સમિક્ષકો અને વિચારકો પણ આ વાત કહેવા લાગ્યા હતા. સમાજ પ્રબોધન કરનારા અને સમાજ પરિવર્તન ઈચ્છનારા આંદોલનકારીઓ હિન્દુઓની અને હિન્દુ ધર્મની આકરી ચિકિત્સા કરતા રહ્યા છે એને કારણે સરેરાશ હિન્દુઓ સમાજ સુધારક પરિવર્તનોને સદભાવથી લેતા બંધ થયા છે એવું તેમનું માનવું હતું. એવો ડર બેસી ગયો હતો કે જો તમે હિન્દુ ધર્મની, હિન્દુ ધર્મગ્રંથોની કે હિન્દુ સમાજ વ્યવસ્થાની ટીકા કરશો તો મધ્યમવર્ગીય હિન્દુઓ તમારાથી દૂર થઈ જશે. ભાજપની સફળતા આનું પ્રમાણ છે.

રાજકીય નેતાઓ, રાજકીય સમીક્ષકો અને સમાજશાસ્ત્રીઓનું આ તારણ માત્ર અનુમાન આધારિત નહોતું, વાસ્તવિક હતું. મધ્યમવર્ગીય હિન્દુઓ આમ માનવા લાગ્યા હતા. અનેક અભ્યાસો અને સર્વેક્ષણો આમ કહેતા હતા. સરેરાશ મધ્યમવર્ગીય હિન્દુઓને એમ લાગવા માંડ્યું હતું કે પ્રગતિશીલો હિન્દુઓને અને હિન્દુ ધર્મને પસંદગીનું નિશાન બનાવી રહ્યા છે અને ઈસ્લામ તેમ જ મુસલમાનો વિષે બોલતા નથી. આને પરિણામે પાશ્ચાત્ય સેક્યુલરિઝમ અને ભારતીય સેકયુલરિઝમ વચ્ચે વિદ્વાનો ભેદ કરવા લાગ્યા હતા. ૧૯૯૦ પછીની હિન્દુ ધર્મચિકિત્સા વધારે ઉદાર અને સૌમ્ય બનવા લાગી હતી. ખૂદ રાહુલ ગાંધી ૨૦૧૯ સુધી ચૂંટણી પ્રચાર વખતે મંદિરોમાં જતા હતા, ટીલાંટપકાં કરતા હતા, જનોઈ પણ બતાવતા હતા. તેમને એમ લાગતું હતું કે કોંગ્રેસથી નારાજ થયેલા ધાર્મિક હિન્દુઓ પાછા ફરશે અને ચૂંટણી જીતી શકાશે. પરિવર્તનકારી આદોલનકર્તાઓ પણ સામાજિક સમાનતા વિશેનો વિમર્શ સૌમ્યભાષામાં કરવા લાગ્યા હતા. ખોજ એ વાતની હતી કે હિન્દુઓની ધાર્મિકતાને ઠેસ પહોંચાડ્યા વિના સેક્યુલર હિન્દુનું ઘડતર કરીને સેક્યુલર ભારત કેવી રીતે બનાવવું.



ખૂદ રાહુલ ગાંધી ૨૦૧૯ સુધી ચૂંટણી પ્રચાર વખતે મંદિરોમાં જતા હતા, ટીલાંટપકાં કરતા હતા, જનોઈ પણ બતાવતા હતા

અને અચાનક રાહુલ ગાંધીએ ગયા અઠવાડિયે પૂનામાં મધ્યમવર્ગીય હિન્દુ ભાવનાની પરવા કર્યા વિના સાવધાની ફગાવીને મનુસ્મૃતિની ટીકા કરી. શું એ રાહુલ ગાંધીની બેવકૂફી છે કે પછી કશુક બીજું છે? ૨૦૨૨ની ભારતજોડો પદયાત્રા વખતે રાહુલ ગાંધીએ વિનાયક દામોદર સાવરકરના માફીનામાઓનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે હિન્દુત્વવાદી જમાત કાયર છે ત્યારે કેટલાક રાજકીય પક્ષોના અને ખાસ કરીને મહારાષ્ટ્રના નેતાઓએ રાહુલ ગાંધીને સલાહ આપી હતી કે કમસેકમ સાવરકરની ટીકા કરવામાં ન આવે, હિન્દુઓનો એક વર્ગ નારાજ થશે. રાહુલ ગાંધીએ ત્યારે તેની પરવા નહોતી કરી અને સાવરકરની ટીકા કરતા રહ્યા હતા. તેઓ કહેતા આવ્યા છે કે ભારત વિષેની બે કલ્પના (આઈડિયા ઓફ ઈન્ડિયા) છે. એક ગાંધીજીની ઉદારમતવાદી સહિયારા ભારતની અને બીજી સાવરકરની હિન્દુ ભારતની. સહિયારું ભારત સહિયારું હોવા છતાંય હિન્દુ હિતકારી છે અને હિન્દુ ભારત હિન્દુઓ માટેનું હોવા પછી પણ હિન્દુઓ માટે અનર્થકારી છે. જવાહરલાલ નેહરુ જે ભાષામાં બોલતા હતા અને નેહરુયુગીન સમાજશાસ્ત્રીઓ જે ભાષામાં બોલતા હતા એ ભાષામાં એ જ વાત રાહુલ ગાંધીએ કહેવાનું શરુ કર્યું.

**શા માટે?**

(અહીં મારી ભલામણ છે કે ગયા સપ્તાહે પાકિસ્તાન વિષે અને તેમાં ત્યાંના દિમાગી નક્સલો હવે જે બોલતા થયા છે એ લેખ વાંચી જાઓ. કોંગ્રેસે સહિયારા ભારત વિશેની જે કલ્પના પચાસ વરસ દરમ્યાન કરી હતી અને જે પદાર્થ અને રસાયણ વિકસાવ્યાં હતાં તેની પણ તેમાં વિગતો છે.)

**નો નોનસેન્સ**
**રમેશ ઓઝા**

શા માટેનો ઉત્તર એ છે કે જે રીતે પાકિસ્તાનના નિર્માતાઓ પાસે ઈસ્લામ અને મહાન મુસ્લિમ પ્રજાના નામે ભારતીય મુસલમાનોને પોરસાવવા અને હિન્દુઓથી ડરાવવા સિવાય પાકિસ્તાનની કોઈ કલ્પના જ નહોતી એમ હિન્દુત્વવાદીઓ પાસે પણ હિન્દુભારતની કોઈ કલ્પના નથી. હિન્દુ ભારત માટે જરૂરી પદાર્થ અને રસાયણ તેઓ વિકસાવી જ શક્યા નથી. સત્તાનો દુરુપયોગ કરીને કે સંખ્યાની તાકાત બતાવીને કરવામાં આવતી દાદાગીરી અને માથાભારેપણું એ હિન્દુપૌરુષ નથી. વીર્યવાન હિન્દુ અલગ છે અને માથાભારે હિન્દુ અલગ છે. આઝાદી પહેલાં કાઠિયાવાડમાં ભાયાતોનું માથાભારેપણું એ પ્રજાનું પૌરુષત્વ નહોતું, પ્રજા તો ભાયાતોના માથાભારેપણાથી ત્રાહિમામ થઈ ગઈ હતી. એટલે તો તેને ભાયાતોના રંજાડ તરીકે ઓળખાવવામાં આવતો હતો. બીજું દાદાગીરી અને માથાભારેપણાવાળી છીછરી બહાદુરી માત્ર એ જ બતાવી શકે જે સત્તાપક્ષમાં હોય જેમ ભાયાતો હતા. પ્રજાને એમાં શું મળે છે? ઉત્તર પ્રદેશમાં મુસલમાનો કરતાં હિન્દુ ઘરો પર વધારે માત્રામાં બુલડોઝર ચાલ્યાં છે. એ વાત ખરી છે કે મુસ્લિમ લીગના નેતાઓને પાકિસ્તાનની કલ્પના વિકસાવવા માટે કોંગ્રેસના નેતાઓને જેટલો સમય મળ્યો હતો એટલો નહોતો મળ્યો. પણ એક દાયકાનો સમય પણ ઓછો તો નહોતો! કમસેકમ પ્રયાસ તો કરવો જોઈતો હતો. શરૂઆત તો કરવી જોઈતી હતી.

...અનુસંધાન પાના નં. 7 પર

## સિલી પોઇંટ

